# સુરતના ૧૧મા અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં.

ફોજદારી કેસ નં.૪૬૦૫૭/૨૦૨૧
આંક –

**ફરિયાદી** :– શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** :– **(૧)** મયુર પ્રવિણભાઈ વેદાણી
**(૨)** રજની મગનભાઈ ગજેરા
**(૩)** ભાવિનભાઈ પરશોતમભાઈ રામોલેયા

**ગુન્હો:– ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ –૬૫(એ)(એ),૯૮(૨),૮૧ મુજબ**

(૧) આરોપીઓ સામે ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીઓએ વગર પાસ પરમીટનો પોતાની એક કોથળામાં દસ પ્લાસ્ટીકની કોથળીઓમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ગલ્ફર શોટ બેરેલ એજડ દાદરાનગર હવેલી બનાવટની ૬૦ એમેલ ની બાટલીઓ નં ૧૮ જેની કી.રૂ ૮૧૦/– તથા એક આઈ–૨૦ ફોર વ્હીલ ગાડી જેના રજી.નં.GJ-05-JI-0548 ચેસીસ નં MALBM51RLMO70402 એન્જીન નં. D4FCFM281354 જેની કી.રૂ ૨,૦૦,૦૦૦/– મળી કુલ્લે રૂપીયા ૨,૦૦,૮૧૦/– નો મુદામાલ પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ –૬૫(એ)(એ),૯૮(૨),૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપીઓ અદાલત રૂબરૂ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓનો જવાબ રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીઓએ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને તે મતલબની કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપીઓ ગરીબ પરિસ્થિતિના છે જેથી હળવી સજા કરવા રજૂઆત કરેલ છે.

(૩) આરોપીઓ તરફેની કબુલાત ઘ્યાને લેતાં આરોપીઓએ સ્વૈચ્છાએ કબુલાત કરે છે આરોપીઓની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોય, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપીઓ તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ –૬૫(એ)(એ),૯૮(૨),૮૧ માં ૩ વર્ષ સુધીની અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપીઓ એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામા આવે કેમ કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવેશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ઘ્યાને લેતાં તેમજ આરોપીઓ તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ઘ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**હુકમ**

આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ – ૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ –૬૫(એ)(એ),૯૮(૨),૮૧ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૯૦૦/– (રૂપિયા ૩૦૦/– પ્રતિ) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન – ૦૨ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલનો નિયમોનુસાર નાશ કરવો. મુદામાલ વાહન/મોબાઇલ અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ ન કરવામાં આવેલ હોય તો તે મુળ માલિકને માલિકીની ખરાય કરી પરત સોપવો.

હુકમ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમા સ્પેશ્યલ સિટિંગ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત.
તા. ૧૧/૦ ૨/૨૦૨૩

(આશિમા ગર્ગ)
૧૧માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત.
જીજે૦૧૬૫૪